આરબીઆઈ/2005-06/48

આર પી સી ડી. સી ઓ .ઇ એફ.બી સી.નં.12/07.38.01/2005-06

12 જુલાઈ, 2005

દરેક રાજ્ય જિલ્લા કેન્દ્રીય સહકારી બેન્કોના

ચેરમેન/સીઈઓ

સાહેબ શ્રી,

## દિવંગત રોકાણકારોના દાવાના નિકાલની પ્રક્રિયામાં સરલીકરણ

3 નવેમ્બર 2003 ના રોજ મિડ ટર્મ રિન્યુ અંગે આરબીઆઈની એન્યુઅલ પોલિસી નક્કી કરવા મળેલી કમિટિ ઓન પ્રોસિજર એન્ડ પર્ફોમન્સ ઓડિટ ઓન પબ્લિક સર્વિસે (સીપીપીએપીએસ) આઈબીઆઈ દ્વારા સામાન્ય લોકોની અપાતી પ્રજાલક્ષી સેવાની ગુણવત્તામાં સુધારો કરવાનો દૃષ્ટિકોણ અપનાવ્યો છે. કમિટિના રિપોર્ટ નં. 3 બેન્કિંગ ઓપરેશન્સમાં ડિપોઝીટ એકાઉન્ટ્સ અને અન્ય સુવિધાઓ સંબંધી વ્યક્તિગત રોકાણકારો માટેની (બિનધંધાકીય) સગવડનું નિરીક્ષણ કરી મંદ ગતિની પ્રક્રિયા ખાસ કરીને દિવંગત રોકાણકારના પરિવારજનોને પડતી મુશ્કેલીઓ દૂર કરી બને તેટલી ઝડપી પ્રક્રિયા દ્વારા નાણાં ચૂકવવાની બાબતને પ્રાધાન્ય અપાયું છે. દિવંગત રોકાણકારોના દાવાનો નિકાલ કરવા માટેના સૂચનોનું સર્કુલર 22 ઓગસ્ટ, 2000 આર પી સી ડી.સી ઓ. નં. આર એફ.બી સી.09/07.38.01/2000-2001 અને તા. 27 ફેબ્રુઆરી, 2001 નો આરપીસીડીસીઓ. નં. આરએફ.બીસી.59/07.28.01/2000-2001 બેન્કોને મોકલાવ્યા છે. હાલના સર્ક્યુલરમાં સી પી પી એ પી એસ એ સૂચવેલા સૂચનો દ્વારા ફેબદલી કરી છે. મૃત્યુપામેલા રોકાણકારના નાણાંના દાવેદારને બિનજરૂરી સગવડ ભોગવવી ન પડે તે હેતુસર આ સુવિધા સુપરસેશનમાં બહાર પડી છે.

### 2. ડિપોઝીટ એકાઉન્ટની રકમમાં ઉમેરો.

### (અ) સર્વાઇવર/નોમિની શરતવાળા ખાતાઓ

2.1 તમને જાણ છે તે મુજબ ડિપોઝીટ ખાતામાં નોમિનેશન સુવિધા અંતર્ગત વારસદારનું નામ લખ્યું હોય અથવા ખાતું ખોલાવ્યું હોય ત્યારે સર્વાઈલરશીપ (આઈધર ઓર સર્વાઇવરે, અથવા એનીવન સર્વાઇવર, અથવા ફોર્મર ઓર સર્વાઇવર અથવા લેટર ઓર સર્વાઇવર)ની શરત રાખી હોય તેવા કિસ્સામાં રોકાણકારનું મૃત્યુ થતાં તેમના ખાતાની રકમ તેના સર્વાઇવર/નોમિનીને ચૂકવવાની જવાબદારી અંગેની બેન્કને જોગવાઈ છે.

(અ) બેન્કે સર્વાઇવરો/નોમિનીની સાચી ઓળખ કરવામાં કાળજી રાખવી તથા ખાતાધારકના મૃત્યુ વિશેના યોગ્ય દસ્તાવેજો ચકાસી ખાતરી કરવી.

(બ) દિવંગતના ખાતામાંથી ચૂકવણી કરવા બેન્કને કોર્ટનો કોઈ ઓર્ડર અટકાવી શકે નહીં, અને

(ક) એ સ્પષ્ટ કરવામાં આવે છે કે સર્વાઇવરીઓ/નોમીની બેન્ક પાસેથી રકમ દિવંગત રોકાણકારના ટ્રસ્ટી અથવા તો કાયદેસરના વારસદાર તરીકે મેળવે છે. એટલે કે જેને ચૂકવણી કરવામાં આવી હોય તે સર્વાઇવર/નોમિનીને આ પ્રકારની ચૂકવણી સામે કોઈ દાવો કે અરસ કર્યા નથી.

2.2 એ પણ સ્પષ્ટ કરવામાં આવે છે કે સર્વાઇવર/નોમિનીને શરતો મુજબ ચૂકવણી કરવામાં આવે ત્યાર પછી બેન્કની કોઈ જવાબદારી રહેતી નથી. કાયદેસરના વારસ/સર્વાઈલરને કોઈ મુશ્કેલી ન પડે અને પ્રક્રિયા લંબાય નહીં તે ઉદ્દેશથી જ વધુ પડતી ગંભીર કાર્યવાહી હાથ ધરાતી નથી. આથી જ દિવંગતના ખાતાની રકમની ચૂકવણી વખતે બેન્કને સલાહ આપવામાં આવે છે કે તે જરૂરી કાગળો, દસ્તાવેજોની ચકાસણી કરે, જેવાં કે, ડેથ સર્ટિફિકેટ, પ્રોબેટ, બોન્ડ ઓફ ઇન્ડેમ્નિટી, સ્પોરિટી વગેરે સર્વાઇવર/નોમિની પાસેથી લેવા.

### (બ) સર્વાઇવર/નોમિની શરત વિનાના ખાતાઓ :

2.3 દિવંગત રોકાણકારો ખાતામાં નોમિનેશન કર્યું ન હોય અથવા ખાતું ખોલાવતી વખતે આઈધર ઓફ સર્વાઇવર (સિંગલ કે જોઈન્ટ ખાતામાં) રાખ્યું ન હોય તેવા કિસ્સામાં બેન્કને સૂચવવામાં આવે છે કે, તેના કારોબારના વારસદારને સરળ પ્રક્રિયા દ્વારા રકમ ચૂકવવી જેથી સામાન્ય લોકોને હાડમારી ભોગવવી ન પડે અને અગવડ ન થાય. આ સંદર્ભે બેન્કે રિશ્ક મેનેજમેન્ટ સિસ્ટમને ધ્યાનમાં રાખી

મૃત્યુ પામેલા રોકાણકારના ખાતાની રકમની લઘુતમ મર્યાદા નક્કી કરી તેના દાવેદારને લેટર ઓફ ઇન્ડેમ્નિટી સિવાય અન્ય કોઈ પણ દસ્તાવેજ વિના ચૂકવણી કરવી.

**3 ટર્મ ડિપોઝીટ એકાઉન્ટની અધવચ્ચે પૂર્ણાહૂતિ :**

ટર્મ ડિપોઝીટના કિસ્સામાં બેન્કને સૂચવવામાં આવે છે કે, આ ખાતું ખોલાવતી વખતે જ અવધિ પૂર્ણ થયા પહેલાં રોકાણકારનું મૃત્યુ થાય તો વચ્ચેથી રકમની ચૂકવણી થઈ શકે તે વખતની શરત રાખવી. આવું અવધિ પૂર્ણ થયા અગાઉના ઉપાડની મંજુરી ખાતું ખોલવાના ફોર્મમાં દર્શાવવી. આ પ્રકારના ઉપાડને કોઈ પેનલ ચાર્જ લાગશે નહીં.

**4 દિવંગત રોકાણકારનું નામ કમી કરવાની વિધિ :**

સર્વાઇવર/નોમિનીએ અગવડ ન પડે તે માટે બેન્કને સૂચવવામાં આવે છે કે, મૃત્યુ પામેલા રોકાણકારના નામની જગ્યાએ સર્વાઈલર/નોમિનીનું નામ ઉમેરવા જરૂરી કરાર..... તેમની પાસેથી મેળવે. આ માટે બેન્ક નીચેની બે બાબતો સ્વીકારી શકે :

- બેન્ક સર્વાઇવર/નોમિનીને દિવંગત ખાતાધારકનું (એસેટ ઓફ શ્રી ......... (દિવંગત) મુજબનું ખાતું ખોલવાની સત્તા આપી શકે, જેમાં મૃત્યુ પામેલા રોકાણકારની દરેક રકમ જમા થઈ શકે, પરંતુ તેમાંથી ઉપાડની જોગવાઈ ન હોય.

અથવા

- બેન્કને એવી પણ સત્તા છે કે તે સર્વાઇવર/નોમિની ખાતાધારક મૃત્યુ પામ્યા છે ની નોંધ આપે અને સર્વાઇલર/નોમિની તે રીતે જોડાયેલા રહે. સર્વાઇવર/નોમીની/કાયદેસરના વારસ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ દ્વારા ચૂકવણીનો અભિગમ અપનાવી શકે.

**5 સેફ ડિપોઝીટ લોકર્સ/સેફ કસ્ટડી આર્ટીકલમાં ઉમેરો :**

મૃત્યુ પામેલા લોકર ધારાક/સેફ કસ્ટડી આર્ટિકલ (જ્યાં નોમિનેશન થયું હોય) અથવા સર્વાઇલ હોય (લોન/સેફ કસ્ટડી આર્ટીકલ, સર્વાઇલર શીપ હેઠળ હોય) તેવાં સંજોગોમાં લોકરની વસ્તુઓ દાવેદરને સોંપવા માટે બેન્કે ડિપોઝીટ ખાતા જેમ .............. અભિગમ અપનાવવો. આ અંગેની વિસ્તૃત માર્ગદર્શિકા અલગથી બહાર પાડવામાં આવી છે.

**6. દાવાના નિકાલ માટેની સમયમર્યાદા :**

બેન્કને સૂચવવામાં આવે છે કે મૃત્યુ પામેલા રોકાણકારના ખાતાના રકમની ચૂકવણી તેના સર્વાઇવર/નોમિનીને ચૂકવવામાં 15 દિવસથી વધુ સમય ન લગાડવો. આ પ્રકારના દાવાના જરૂરી પુરાવાઓ, રોકાણકારના મૃત્યુના યોગ્ય પુરાવા તથા દાવેદારની ઓળખ અંગેની સાબિતી બેન્કને સંતોષકારક રીતે મળ્યા બાદ 15 દિવસથી વધુ સમયગાળો ન થાય.

બેન્ક આ અંગેના દાવા, તેની સંખ્યા અને વિસ્તૃત માહિતી બોર્ડને મોકલવાની રહેશે. દિવંગત રોકાણકારના ખાતા/લોન/સેફ કસ્ટડી આર્ટિકલ અંગેના બાકી પડેલા દાવા અંગે અને તેની સમયમર્યાદા ન સચવાયા અંગેના વ્યાજબી કારણો સાથેની માહિતી મોકલવી.

**7. બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની જોગવાઈઓ :**

આ બાબતે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ 1949 (સહકારી મંડળોના અમલ મુજબ)ના 45ઝેડએ થી 45ઝેડએફ સુધીના સેક્શન પર ધ્યાન આપવું.

**8. કાર્યવાહી/પ્રક્રિયામાં સરળતા**

નાબોર્ડે દિવંગત રોકાણકારની રકમની ચૂકવણી અંગે મોડેલ ઓપરેશનલ પ્રોસિજર (એમઓપી) ઘડી છે. જે હેઠળના વિવિધ સંજોગો, બાબતો, સૂચનો આ સરક્યુલરમાં બેન્ક માટે છે. આથી બેન્કોને સૂચવવામાં આવે છે કે, દિવંગત રોકાણકારની થાપણ (જેમ કે રોકાણો/લોન/સેફ કસ્ટડી આર્ટિકલ્સ)ના દાવાના નિકાલ માટે સર્વાઇવર/નોમિની માટે સરળ પ્રક્રિયામાં ચૂકવણી કરવી.

**9. ગ્રાહકો માટે માર્ગદર્શિકા અને પ્રચાર :**

બેન્કને સૂચવવામાં આવે છે કે, ખાતા ધારકોને તતા સામાન્ય જનતાને સર્વાઇવરશીપ વિશે તથા નોમિનેશનના ફાયદાઓ અંગે માર્ગદર્શન આપે. રોકાણકારનું મૃત્યુ થાય તે સંજોગોમાં સર્વાઇવરશીપની શરત ન રાખવામાં આવી હોય તો સંયુક્ત ખાતાધારકોને રકમ મળી શકે નહીં તે બાબતની જાણ બેન્કે કરવી. આ માટે જાહેરાતના વિવિધ સાધનોનો ઉપયોગ કરી લોકોને માહિતગાર કરવા.

10. આ સૂચનોને અમલમાં મૂકી ગ્રાહક સેવાની ગુણવત્તામાં સુધારો કરવો. દિવંગત રોકાણકારના સર્વાઇવર/નોમિનીને અપાતી સુવિધા સરળ બનાવવી.

11. અમારી સંબંધિત રિજિયોનલ ઓફિસે રસીદ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(સી.એસ. મૂર્તિ)

કાર્યકારી મુખ્યમહાપ્રબંધક